Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या ४३ ग/५६

पंजिका संख्या २१८५०/११.६.२००३

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સતી સાવિત્રી

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

૬૦, વલ્લભ મેન્શન મહાલક્ષ્મી અને મલબારહીલ રોડ મુંબઈ-૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮ પુસ્તકોની સાહસભરી નવી યોજના

સર્વોપયોગી સાહિત્યશ્રેણી

- યોજનાનાં દરેક પુસ્તકની છૂટક કિંમત દસ આના રહેશે.
- આ શ્રેણીનાં અઢારે પુસ્તકો માટે અગાઉથી નાણાં મોકલી નામ નોંધાવનારને છૂટક મૂલ્યના કુલ થતા રૂા. ૧૧–૪ ને બદલે **માત્ર રૂા. ૧૦)માં મળશે.**
- ટપાલથી મગાવવા ઇચ્છનારે રૂા. ૧–૮ વધુ એટલે કુલ રૂા. ૧૧–૮ મોકલવા.

૧. **પ્રકાશનાં પગલાં :** (સચિત્ર) લેખક: કરસનદાસ માણેક
★ જગતના ભિન્ન ભિન્ન ધર્મોની પ્રેરક કથાઓ

૨. **રાખની ઢગલી :** (સચિત્ર) લેખક : 'સૌજન્ય'
★ વાર્તાના સ્વરૂપમાં સંસારની સળગતી સમસ્યાઓ

૩. **હાસ્યતરંગ :** (સચિત્ર) લેખક : જ્યોતીન્દ્ર દ૦ દવે
★ જીવનમાં દરરોજ દેખાતા પ્રસંગો ઉપરના કટાક્ષ-લેખો

૪. **જીવનની કલા :** લેખક : રવિશંકર મહેતા
★ જીવનની સફળતા માટેનું વ્યવહારુ માર્ગદર્શન

૫. **જગતમાં જાણવા જેવું :** (સચિત્ર) લેખક : છોટાલાલ માનસિંગ કામદાર ★ જગતની અદ્ભુતતા અને ઉપયોગિતાનો સરલ પરિચય

૬. **જીવનપરિવર્તન :** (સચિત્ર) લેખક : 'સોપાન'
★ એક જીવનપલટાની કરુણ-મંગલ સળંગ વાર્તા

૭. **ઇતિહાસને અજવાળે :** (સચિત્ર) લે૦ : ઇંદ્ર વસાવડા
★ ઇતિહાસની પરાક્રમી વ્યક્તિઓની જીવનરેખા

૮. **ગૃહજીવનની કલા :** (સચિત્ર) લે૦ 'સમાજશાસ્ત્રી' :
★ ઘરમાં સુખ ને સંપથી કેમ રહી શકાય તેનાં સૂચનો

અનુસંધાન માટે જુઓ ટાઈટલ પાન ત્રીજું →

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

प्रकाशक द्वारा गुरुकुल को भेंट
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સસ્તુ' સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચુ' સાહિત્ય"

સતી સાવિત્રી

ह्याक्र गमार्गीकरण ११८४-११८५
४३ग/५६
२१८५०...
११.६.२००३

પ્રયોજક :
પંડિત વિષ્ણુદેવ સકળેશ્વર

CHECKED 1973
२१८५०
१ आंशिक
२००३

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે:ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઇ-૨

★

બીજી આવૃત્તિ : : પ્રત ૮૦૦૦

ત્રણ આના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુદ્રક અને પ્રકાશક:
ત્રિભુવનદાસ ક૦ ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય,
રાયખડ :: અમદાવાદ

'આમ સાહિત્યશ્રેણી' પુસ્તક ૩૩ મું

[સર્વ હક્ક પ્રકાશક-સંસ્થાને સ્વાધીન]

સંવત :: ૨૦૦૨

અનુક્રમ

૧ સાવિત્રીનો જન્મ ... ૩
૨ સાવિત્રીનો સ્વયંવર ... ૭
૩ સાવિત્રી-સત્યવાનનું લગ્ન ૧૧
૪ સાવિત્રીનું વ્રત ... ૧૪
૫ સત્યવાનનું મૃત્યુ અને
પુનર્જીવન ૧૯
૬ સર્વ દુઃખોની સમાપ્તિ ૨૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ : સાવિત્રીનો જન્મ

મદ્રદેશમાં પરમ ધાર્મિક, સત્યવાદી, સંયમી અને મહાત્મા અશ્વપતિ નામે રાજા રાજ્ય કરતો હતો. દાન, યજ્ઞ વગેરે સર્વ પ્રાણીઓનું હિત કરે તેવાં કાર્યો કરી તે રાજાએ પ્રજાજનોની પ્રીતિ મેળવી હતી. તે રાજા વૃદ્ધ થયો ત્યાં સુધી તેને કાંઈ સંતતિ ન હતી; તેથી તેને હૃદયમાં સંતાપ થતો હતો. પોતાને સંતતિ થાય એ માટે તે રાજાએ કઠોર નિયમો પાળી, થોડો જ આહાર લઈ, બ્રહ્મચર્ય અને સંયમનું વ્રત લઈ, સાવિત્રીદેવતાને પ્રસન્ન કરવા તપ શરૂ કર્યું. રાજાએ અઢાર વર્ષ સુધી તપ કરી સાવિત્રીદેવતાના એક લાખ મંત્રનો હોમ કર્યો. આ મંત્રના પ્રભાવથી સાવિત્રી દેવી પ્રસન્ન થયાં. તેઓ સુંદર સ્વરૂપ ધારણ કરી યજ્ઞના કુંડમાંથી પ્રગટ થયાં અને પ્રસન્ન થઈ મધુર વચનો રાજાને કહેવા લાગ્યાં:

સાવિત્રી દેવતા :—હે રાજન્ ! તમારાં શુદ્ધ બ્રહ્મચર્ય, સંયમ, નિયમ અને મારા પરની અનેરી ભક્તિથી મને સંતોષ થયો છે. હે રાજન્ ! તમે ધર્મ-કાર્યોમાં માટે પ્રમાદ કર્યો નથી અને કરશો પણ નહિ, તમારી ઇચ્છા પ્રમાણે વરદાન માગો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અશ્વપતિ :–હે દેવિ ! મારા કુળને દીપાવે તેવા અનેક પુત્રો થાય એ ભાવનાથી મેં આ તપ કર્યું છે. 'સંતતિ પરમ ધર્મને આપનારી છે' એ બ્રાહ્મણોના વચનને અનુસરી મેં ધાર્મિક ભાવનાએ આ તપ કર્યું છે. જો આપ મારી પર પ્રસન્ન થયાં હો, તો મને એવું વરદાન આપો....

સાવિત્રી :–હે રાજન્ ! મેં તમારા હૃદયનો અભિપ્રાય પહેલેથી જ જાણી લીધો છે; અને તમને સંતતિ મળે તેવી મેં ભગવાન પિતામહ પાસે માગણી કરી છે. બ્રહ્માની કૃપાથી તમને એક તેજસ્વી કન્યા પ્રાપ્ત થશે, જે તમારું કલ્યાણ કરશે. હું પિતામહની આજ્ઞાને વશ છું; માટે તમે મારા વરદાનનો સ્વીકાર કરો.

દેવી સાવિત્રીનું વચન સાંભળીને રાજા અશ્વપતિએ તે વચનનો સ્વીકાર કર્યો. સાવિત્રી દેવી તેથી પ્રસન્ન થયાં અને રાજાને આશિષ આપીને ત્યાંથી ચાલ્યાં ગયાં. રાજા અશ્વપતિ પણ પ્રસન્ન થઈ પોતાના નગરમાં આવી સુખે રહેવા લાગ્યો. થોડો કાળ પસાર થતાં, રાજા અશ્વપતિનાં પત્નીને ગર્ભ રહ્યો; અને સમય પૂરો થતાં મહારાણીએ એક સુંદર કન્યાને જન્મ આપ્યો. રાજાએ પ્રસન્ન થઈ કન્યાને ઉત્તમ સંસ્કારો આપ્યા. તે કન્યા સાવિત્રીના યજ્ઞથી અને સાવિત્રીની કૃપાથી મળેલી હોવાથી રાજાએ અને બ્રાહ્મણો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ તે કન્યાનું 'સાવિત્રી' નામ રાખ્યું. મહાલક્ષ્મીની જેમ શોભા આપતી તે કન્યા ધીરેધીરે વધવા લાગી; અને એમ કાળ જતાં તેણે યૌવનમાં પ્રવેશ કર્યો. તેના દેહની શોભા સોનાની મૂર્તિની જેમ શોભતી હતી. તેના શરીરની કાંતિ ચમકતી હતી. તેનાં નેત્ર કમળ જેવાં વિશાળ હતાં, તેથી લોકો તેને દેવકન્યા જ જાણતાં હતાં. તેના પ્રભાવથી અંજાઈ કોઈ રાજકુમાર તેની સાથે લગ્ન કરવાનું સાહસ કરતો ન હતો. જે દિવસે સાવિત્રીએ યૌવનકાળમાં પ્રવેશ કર્યો, તે દિવસે તેણે ઉપવાસ કર્યો, માથાબૂડ સ્નાન કર્યું, પોતાના ઇષ્ટદેવની પૂજા કરી બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવ્યું અને બ્રાહ્મણોના મંગળ આશીર્વાદ લીધા. તે પછી પોતાના પિતાની પાસે જઈ, તેમને દંડવત્ પ્રણામ કરી તેમની પાસે આસન પર બેઠી. દેવકન્યા સમી શોભતી પોતાની કન્યાને યુવાન જોઈ તથા કોઈ તેની સાથે લગ્ન કરવાને તૈયાર નહિ હોવાથી રાજાને હૃદયમાં ઘણું દુઃખ થવા લાગ્યું.

અશ્વપતિઃ—હે પુત્રિ! તને કન્યાદાનમાં આપવાનો આ કાળ છે; પરંતુ કોઈ રાજકુમાર તારો સ્વીકાર કરવા હિંમત કરતો નથી; માટે તારા ગુણોને યોગ્ય હોય તેવો પતિ તારી જાતે જ શોધી લે. જે પુરુષ તને વરવા લાયક જણાય, તે પુરુષનું નામ-ઠામ મને જણાવજે; અને હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર કરી તેની સાથે તારું લગ્ન કરાવીશ, માટે તું ઇચ્છેલ વરને શોધી લાવ. હે કલ્યાણિ! ધર્મશાસ્ત્રોમાં કહેલું અને બ્રાહ્મણોએ જણાવેલું વચન તને કહું છું, તે તું સાંભળઃ 'પિતાને માથે કન્યાની જવાબદારી છે, પતિને માથે પત્નીની જવાબદારી છે અને પતિ ગુજરી જતાં પુત્રોને માથે માતાની જવાબદારી છે.' હે પુત્રિ! આ વચન સાંભળી તું તારા પતિને શોધી લાવ; અને મારે માથે દેવોએ જે જવાબદારી સોંપી છે, તે ભારમાંથી તું મને મુક્ત કર.

અશ્વપતિએ પોતાની પુત્રીને એમ કહીને પોતાના પ્રધાનોને હુકમ કર્યો, કે 'સાવિત્રીની યાત્રા માટે તૈયારી કરો; અને તેની સાથે સૈનિકો અને અંગરક્ષકો મોકલો.' પછી તે તપસ્વિની કન્યા પિતાને નમસ્કાર કરી, લજ્જાભાવે પિતાની આજ્ઞા લઈ પ્રથમથી જ નિશ્ચય કર્યા વિના પતિની શોધમાં ચાલી નીકળી. તે કન્યા સોનાના સુંદર રથમાં બેસી, વૃદ્ધ અને ઠરેલ મંત્રીઓને સાથે લઈ, અનેક રાજાઓના પ્રદેશોમાં ફરવા લાગી. તે માર્ગમાં આવતાં પુણ્યતીર્થોમાં સ્નાન કરતી હતી, યોગ્ય પાત્રને દાન આપતી હતી, પ્રવાસમાં આવતાં તપોવનોમાં જઈ વૃદ્ધ તપસ્વીઓને નમસ્કાર કરી તેમના આશીર્વાદ પામતી આગળ પ્રવાસ કરતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨ : સાવિત્રીનો સ્વયંવર

એક વખતે નારદ મુનિ રાજા અશ્વપતિની સભામાં જઈ પહોંચ્યા. તેમનો સત્કાર કરી રાજાએ તેમને ઊંચે આસને બેસાડ્યા. તે જ વખતે મંત્રીઓ સહિત પ્રવાસે નીકળેલી સાવિત્રી પણ પાછી આવી પહોંચી.

નારદ:–હે રાજન્! તમારી પુત્રી ક્યાં ગઈ હતી અને અત્યારે ક્યાંથી આવી રહી છે? તે યુવતી થઈ છે, તે છતાં યોગ્ય વરને તમે કેમ વરાવી નથી?

અશ્વપતિ:–હે મુનિશ્વર! સાવિત્રી પોતે પસંદ કરી વર શોધી લાવે તે માટે મેં તેને પ્રવાસે મોકલી હતી; તે હમણાં જ પાછી આવી છે, તે ક્યા વરને પસંદ કરીને આવી છે, તે આપ પણ સાભળો.

પછી રાજા અશ્વપતિએ પોતાની કન્યાને કહ્યું, કે 'તું જે વર પસંદ કરી આવી હોય, તેનું વિસ્તારથી વર્ણન કર.'

સાવિત્રી:–શાલ્વ નામના દેશમાં એક ધર્માત્મા દ્યુમત્સેન નામે ક્ષત્રિય રાજા છે. તેઓ વૃદ્ધાવસ્થામાં અંધ થયા છે અને તેમના કુમાર બાળક હોવાથી રાજ્યવહીવટ કરી શક્યા નહિ; તેથી પાસેના એક બંડિયા રાજાએ પહેલાંનું વૈર હોવાથી તેમનું રાજ્ય હરી લીધું છે. રાજા દ્યુમત્સેન પોતાના બાળકુંવરને તથા પોતાનાં ધર્મપત્નીને લઈ, તપોવનમાં ગયા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં જઈ તપ કરવા લાગ્યા. તેમના બાળકુંવરનો જન્મ રાજનગરમાં થયો છે; પરંતુ તેઓ તપોવનમાં જ ઉછરીને મોટા થયા છે. તેમનું નામ 'સત્યવાન' છે અને 'મારા પતિ તરીકે તેઓ જ યોગ્ય છે' એવો નિશ્ચય કરીને હું તેમને મનથી વરી છું.

નારદ:–એ સત્યવાન રાજકુમારના પિતા સત્ય બોલે છે, માતા પણ સત્ય બોલે છે; માટે બ્રાહ્મણોએ તેનું નામ સત્યવાન રાખ્યું છે. એ રાજકુમારને બાલ્ય-વયથી જ ઘોડા પર ઘણો પ્રેમ હતો. તે માટીના ઘોડા બનાવીને તેની સાથે ખેલતો હતો; માટે તેનું બીજું નામ ચિત્રાશ્વ પણ રાખવામાં આવેલું છે.

રાજા:–હે મુનિશ્વર! તે રાજકુમાર તેજસ્વી અને બુદ્ધિશાળી તો છે ને? તે રાજકુમાર શૂરવીર, પિતૃ-ભક્ત અને ક્ષમાવાન તો છે ને?

નારદ:–તે રાજકુમાર દાન કરવામાં યજ્ઞ કરનાર રંતિદેવ જેવો થશે; શિબિર અને ઔશીનર રાજાઓની જેમ બ્રહ્મવાદી અને સત્યવાદી થશે; યયાતિના જેવો ઉદાર થશે; ચંદ્રના જેવો દેખાવમાં પ્રિય થશે; અશ્વિની-કુમારોના જેવો સ્વરૂપમાં અપ્રતિમ થશે. દ્યુમત્સેન રાજાનો તે પુત્ર બળવાન, સંયમી, કોમળ, શૂરવીર અને જીતેંદ્રિય થશે; તે સર્વનો મિત્ર, કોઈની ય અદેખાઈ નહિ કરનાર, સ્વભાવે નમ્ર અને પ્રતાપે તેજસ્વી થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની પ્રકૃતિ કાયમને માટે કોમળ અને તેના મનની વૃત્તિઓ સદાને માટે સ્થિર રહેશે. તે રાજકુમારના ગુણો તપસ્વી અને શીલવાળા મુનિઓએ કહ્યા છે.

અશ્વપતિ :–હે મુનિવર! તે રાજકુમારમાં સર્વ ગુણો રહેલા છે, તેવું આપ કહો છો; તેવી રીતે જો તેનામાં કોઈ દોષો રહ્યા હોય, તો તે પણ મને જણાવો.

નારદ :–હે રાજન્! આ રાજકુમારમાં એક જ દોષ રહેલો છે. આ દોષ બધા ગુણોને ઢાંકી દે તેવો છે, એ દોષ એવો ખરાબ છે, કે કોઈ જાતના ઉપાયથી પણ તે દૂર થાય તેમ નથી; અને તે એ છે, કે આજથી ગણતાં એક વર્ષ પછી તેનું આયુષ્ય ખૂટી જાય છે; અને તેથી તે આજથી બરાબર એક વર્ષે પોતાનો દેહ છોડશે.

અશ્વપતિ :–હે પુત્રિ! નારદ મુનિ કહે છે, કે સત્યવાન એક વર્ષ પછી પોતાના દેહનો ત્યાગ કરશે, તે વાત સાચી છે; માટે તું સત્યવાનને છોડી બીજા વરને પસંદ કર; કારણ કે તેનો આ એક જ દોષ એવો ભયંકર છે, કે તે તેના બધા ગુણોને ઢાંકી દે છે.

સાવિત્રી :–હે પિતાજી! લાકડાનો ટુકડો એક જ વખત છૂટો પડે છે. સજ્જન એક જ વખત બોલે છે, કે 'દાન કરીશ;' તેમ કન્યા એક જ વરને અપાય છે. સત્યવાન લાંબું આયુષ્ય જીવનાર હોય કે ટૂંકું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનામાં ગુણો હોય કે દોષ, તેની સાથે મારે સંબંધ નથી. હું મનથી એક વાર તેને વરી ચૂકી છું; હવે મારે બીજો પતિ વરવો નથી. પહેલાં એક વાતનો મનથી નિશ્ચય થાય છે, નિશ્ચય થયા પછી તે વાત વાણીમાં આવે છે; અને પછી તે વાત કાર્યમાં મુકાય છે; માટે મેં જે નિશ્ચય કર્યો છે, તેમાં મારું મન જ પ્રમાણ છે.

નારદ :—હે રાજન્! તમારી પુત્રી સાવિત્રીની બુદ્ધિ અડગ છે, સ્થિર છે. તેનો નિશ્ચય ધર્મને અનુસરે છે; માટે તેને બળાત્કારે રોકવી નહિ. બીજું, સત્યવાનમાં જે ગુણો રહેલા છે, તે ગુણો બીજા કોઈ પુરુષમાં નથી; માટે તે સત્યવાનને જ તમારી કન્યા આપો, એ જ મને પણ રુચે છે.

રાજા :—હે મુનિવર! આપનું કહેવું સાચું છે, સાવિત્રીના નિશ્ચયને ડગાવી શકાય તેમ નથી. આપ કહો છો તેમ જ હું કરીશ; કારણ કે આપ મારા ગુરુ છો.

નારદ :—હે રાજન્! સત્યવાનને સાવિત્રી આપવામાં તમને વિઘ્ન નહિ આવે; તમારા બધાનું કલ્યાણ થાઓ! હવે હું વિદાય લઈશ.

એ રીતે રાજાને આશિષ આપી નારદ મુનિ ત્યાંથી ચાલી નીકળ્યા અને રાજા અશ્વપતિ પોતાની કન્યાના લગ્નની ધામધૂમ કરવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ : સાવિત્રી–સત્યવાનનું લગ્ન

તે પછી રાજા અશ્વપતિ કન્યાદાન આપવાનો નિશ્ચય કરી વિવાહને યોગ્ય સર્વ સાધન–સામગ્રી ભેગી કરવા લાગ્યા. વૃદ્ધ પ્રજાજનો, પુરોહિતો અને આચાર્ય બ્રાહ્મણોને બોલાવી, પોતાની કન્યા સાથે અશ્વપતિ રાજાએ મંગળ મુહૂર્તમાં દ્યુમત્સેનના આશ્રમમાં જવાને પ્રયાણ કર્યું. દ્યુમત્સેનનો આશ્રમ આવતાં તે રાજા રથમાંથી ઊતરી ગયો; અને પ્રજાજનોને સાથે રાખી પગે ચાલીને દ્યુમત્સેનના આશ્રમમાં ગયો. આંખે અંધ થયેલ રાજા દ્યુમત્સેન એક શાલવૃક્ષની નીચે કુશથી ભરેલા આસન ઉપર બેઠેલા હતા. તેમને જોઈ રાજા અશ્વપતિ તેમની પાસે ગયા અને અંધ રાજાનું સારી રીતે પૂજન કરી પોતાનું ઓળખાણ આપ્યું. અંધ રાજાએ તેમનો સારી રીતે અતિથિસત્કાર કર્યો અને તે પછી શાંત ભાવે રાજાના આવવાનું કારણ પૂછયું. રાજા અશ્વપતિએ પ્રથમ સર્વનું ક્ષેમકુશળ પૂછયું અને પછી તેમના પુત્ર સત્યવાનને ઉદ્દેશીને પોતાનો અભિપ્રાય કહેવા લાગ્યા:

અશ્વપતિ:–હે રાજન્! સાવિત્રી નામે મારી આ સુંદર કન્યા છે, તેનો આપ ધર્મને અનુસરી 'પુત્રવધૂ' તરીકે સ્વીકાર કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્યુમત્સેન :–હે રાજન્! અમે રાજ્યથી ભ્રષ્ટ થયા છીએ અને આ તપોવનમાં રહી તપસ્વી–જીવન ગાળીએ છીએ. તમારી કન્યા આ આશ્રમના જીવનને યોગ્ય નથી. તેને અહીં ઘણું કષ્ટ ભોગવવું પડશે; તેથી તે વાત મને બરોબર લાગતી નથી.

અશ્વપતિ :–મારી પુત્રી સાવિત્રી તમારાં સુખ,-દુઃખ, લાભ–હાનિ વગેરે સારી રીતે જાણે છે. એને માટે જ હું હૃદયથી આ નિશ્ચય કરીને આપની પાસે નમ્રતા અને બંધુભાવે આવ્યો છું; માટે મારી આશાનો આપ ભંગ ન કરો. હું હૃદયમાં પ્રેમ ધરી આપની પાસે આવ્યો છું, તો આપ મારી માગણીને નકારો નહિ. તમારો અને મારો સંબંધ સર્વ રીતે યોગ્ય અને આપણા કુળને બંધબેસતો છે; માટે આપ મારી પુત્રીનો સત્યવાનની પત્ની તરીકે અને આપની પુત્રવધૂ તરીકે સ્વીકાર કરો.

દ્યુમત્સેન :–આપની સાથે સંબંધ જોડવાનો મારો પહેલેથી જ નિશ્ચય હતો; પરંતુ મારું રાજ્ય પાયમાલ થતાં હું નિરાશા સાંખી રહ્યો! મારા હૃદયની જે અભિલાષા પ્રથમથી જ હતી, તે આપે આજે અતિથિ તરીકે આવીને પૂરી કરી છે; માટે તમે મારા ઇષ્ટ અતિથિ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્યુમત્સેને એ રીતે અશ્વપતિની માગણીનો સ્વીકાર કર્યો. પછી આશ્રમમાં વાસ કરતા તપસ્વીઓને બોલાવી બન્ને રાજાઓએ સત્યવાન અને સાવિત્રીનાં ધાર્મિક વિધિથી લગ્ન કરાવ્યાં. રાજા અશ્વપતિએ કન્યાદાનમાં ઉત્તમ પ્રકારની સાધન-સામગ્રીઓ આપી. થોડા દિવસ સૌ સાથે રોકાયાં; પછી રાજા અશ્વપતિએ પ્રસન્ન ચિત્તે પોતે રાજ્યમાં જવાને વિદાય લીધી.

સર્વ પ્રકારના ગુણથી શોભતી સાવિત્રીનો પોતાની પત્ની તરીકે સ્વીકાર કરી રાજકુમાર સત્યવાન પણ ઘણો પ્રસન્ન થયો; અને સાવિત્રી પણ પોતાના મનથી વરેલ પતિને મેળવી આનંદ પામી. પોતાના પિતાના ગયા પછી સાવિત્રીએ સર્વ પ્રકારનાં અલંકારો અને વેષો ઉતારી નાખ્યા અને પોતાના શરીરે વલ્કલ અને ભૂખરાં વસ્ત્રો પહેરી લીધાં. સાવિત્રી સેવાભાવથી, ગુણોથી, વિનયથી, સંયમથી અને સર્વને રુચતી ક્રિયાઓથી આશ્રમવાસીઓને સંતોષ આપતી હતી.

સાસુમાની પગચંપી કરીને, તેઓનું ઓઢણ-પાથરણ તૈયાર કરીને સર્વ પ્રકારે ચાકરી કરતી તથા નમ્ર અને મધુર વાણી બોલી સાસુ-સસરાનાં મન રીઝવતી હતી; તેવી જ રીતે પોતાના પતિને પણ તે મધુર વચન બોલીને, કામની કુશળતા દાખવીને, તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૃદયની શાંતિ સાચવતી અને એકાંતમાં સેવા કરીને પ્રસન્ન રાખતી હતી. તે રીતે સેવા કરતાં અને આશ્રમમાં વાસ કરતાં સાવિત્રીનો કેટલોક કાળ સુખમાં વહી ગયો. સાવિત્રીના હૃદયમાં નારદના વચનનું રાતદિવસ ચિંતન રહેતું હતું; અને તેથી જેમ જેમ દિવસો પસાર થવા લાગ્યા તેમ તેમ તે વધારે ને વધારે ચિંતામગ્ન થવા લાગી.

૪ : સાવિત્રીનું વ્રત

સાવિત્રીનો એ રીતે વર્ષનો લાંબો સમય પસાર થવા આવ્યો. સત્યવાનના મરણનો સમય ખૂબ જ નજદીક આવી પહોંચ્યો. નારદના વાક્યને મનમાં યાદ રાખીને સાવિત્રી જે જે દિવસ વહી જતો હતો, તેને ગણતરીમાં રાખતી હતી. તેની ગણતરી પ્રમાણે જ્યારે સત્યવાનના મરણના ચાર જ દિવસ બાકી રહ્યા, ત્યારે સાવિત્રીએ મનમાં નિશ્ચય કરીને ત્રણ દિવસના ઉપવાસ કર્યા. સાવિત્રીનું કઠોર વ્રત જોઈ દ્યુમત્સેનના હૃદયમાં ચિંતા થઈ; તેથી તેમણે સાવિત્રીની પાસે આવી શાંતિ આપનાર મધુર વચન કહ્યાં.

દ્યુમત્સેન :–હે સાવિત્રિ ! ત્રણ દિવસના ઉપવાસ કરવા તે તો કઠોર વ્રત છે અને તે વ્રતનો તમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આરંભ કર્યો છે; તેથી મને ચિંતા થાય છે.

સાવિત્રી :–હે પિતાજી ! તમે હૃદયમાં ચિંતા ન કરો; મેં ત્રણ દિવસનું વ્રત કરવા આ ઉપવાસ શરૂ કર્યા છે અને હું ચોથે દિવસે પારણાં કરીશ.

દ્યુમત્સેન :–તમે જે વ્રત શરુ કર્યું છે, તે વ્રતનો ભંગ કરો તેવું તો મારાથી કહેવાય જ નહિ; એટલે મારી તો કહેવાની એટલી ફરજ છે, કે તમે પારણાં કરો તો સારું ?

દ્યુમત્સેને સાવિત્રીને પોતાના હૃદયની ચિંતા જણાવી, પણ તેને આગ્રહ કરી શક્યા નહિ. સાવિત્રીએ વ્રત ચાલુ જ રાખ્યું અને તેથી તેનું શરીર ઘણું અશક્ત થઈ ગયું. આવતી કાલે પોતાના પતિનું મરણ થવાનું છે એ ચિંતામાં ને ચિંતામાં સાવિત્રીના વ્રતનો ત્રીજો દિવસ અને રાત્રિ પણ પસાર થયાં. નારદે કહેલો દિવસ આજે આવી પહોંચ્યો, તેની ચિંતા કરતી સાવિત્રીએ સવારે પોતાના પતિ સાથે અગ્નિમાં હોમ કર્યો અને સૂર્ય ચાર હાથ ઊંચે ચડ્યો એટલામાં તો સવારની બધી જ ધાર્મિક ક્રિયાઓ પૂરી કરી. સાવિત્રીએ તપોવનમાં વાસ કરતા તપસ્વીઓ, વૃદ્ધજનો, પોતાના સસરા વગેરે-ને એક પછી એક હાથ જોડી વિનયભાવે પ્રણામ કર્યા. તપોવનમાં વસતા તે બધા તપસ્વીઓએ સાવિત્રીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ સૌભાગ્ય બક્ષનારા હિતકર આશીર્વાદ આપ્યા. અતઃકરણમાં શાંતિ રાખીને સાવિત્રીએ તે સર્વના આશીર્વાદોનો સ્વીકાર કર્યો; તપસ્વીઓએ આપેલા 'અખંડ સૌભાગ્ય'ના આશીર્વાદોથી તે મનમાં પ્રસન્ન થઈ. નારદે સત્યવાનના મરણનો જે સમય અને ઘડી આપ્યાં હતાં, તે ઘડીની રાહ જોતી સાવિત્રી ખૂબ જ દુઃખી થતી હતી. સાવિત્રી સર્વ કાર્યોથી પરવારી, એટલે તેનાં સાસુ અને સસરાએ તેને પાસે બોલાવી અને પ્રસન્ન હૃદયે ભોજન માટે આગ્રહ કરવા માંડ્યો.

સાસુ-સસરા : હે સાવિત્રિ! તારા ત્રણ દિવસનું વ્રત પૂરું થયું છે અને આજે તે વ્રતની તેં સમાપ્તિ પણ કરી છે; હવે ભોજનનો સમય થયો છે; માટે તું ભોજન કરવા ચાલ.

સાવિત્રી :–'સૂર્ય આથમે ત્યારે હું ભોજન કરીશ' એવો સંકલ્પ કરીને મેં આ વ્રત લીધું છે; માટે સાંજે ભોજન કરીશ, તો મારી ભાવના પૂરી થશે.

જ્યારે તેનાં સાસુ-સસરા સાવિત્રીને ભોજન લેવાનો આગ્રહ કરતાં હતાં, ત્યારે સત્યવાન ખભે કુહાડી લઈ જંગલમાં જવાને તૈયાર થયો. તે વખતે સાવિત્રીએ સત્યવાનને કહ્યું, કે 'આજે હું તમારી સાથે આવવાની છું. તમને આજે હું એકલા જંગલમાં નહિ જવા દઉં.'

સત્યવાન :–હે સાવિત્રિ! તું જંગલમાં કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસ ગઈ નથી. જંગલનો માર્ગ બહુ વિકટ છે. વળી, તું વ્રત કરીને દુર્બળ થઈ ગઈ છે; માટે તારાથી જંગલમાં ચલાશે પણ નહિ.

સાવિત્રી :–ઉપવાસ કરવાથી મારા શરીરને દુઃખ નથી થયું. મને જંગલમાં આવવાથી થાક પણ નહિ લાગે. તમારી સાથે આવવાનો મને ઉત્સાહ છે; માટે તમે મને આજે તો રોકો નહિ.

સત્યવાન :–જો તારે મારી સાથે આવવાનો ઉત્સાહ જ છે, તો તું ભલે આવ; પરંતુ મારાં વડીલોની આજ્ઞા લઈને આવજે, જેથી મારો દોષ ગણાય નહિ.

સાવિત્રી પોતાનાં સાસુ અને સસરાને પ્રણામ કરીને કહેવા લાગી, કે 'મારા પતિ ફળ–મૂળ લેવાને જંગલમાં જાય છે; તેમની સાથે જવાની મારી ઇચ્છા છે, તો આપ મને આજ્ઞા આપો. અગ્નિ માટે સમિધ અને વડીલો માટે ફળ–મૂળ લેવા સારુ તેઓ જતા હોવાથી તેમને રોકવા તે પણ બરાબર નથી. મને આ આશ્રમમાં આવ્યે લગભગ એક વર્ષ થવા આવ્યું; પણ હું આશ્રમની બહાર નીકળી શકી નથી. ફળફૂલથી લચી પડતાં જંગલો જોવાની આજે મને ઇચ્છા થઈ છે.'

દ્યુમત્સેન :–હે પુત્રિ! તમારા પિતાએ મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારી સોંપણી કર્યા પછી તમે કોઈ દિવસ કોઈ જાતની ઇચ્છા કરી હોય તેવું મારા ધ્યાનમાં નથી. આજે તમારી પહેલી જ ઇચ્છા છે; એટલે તમને હું રોકી શકતો નથી. તમે સત્યવાનની સાથે જંગલમાં ભલે જાઓ; પરંતુ માર્ગમાં સાવધ રહેજો !

એ રીતે સાસુ–સસરાની આજ્ઞા લઈ સાવિત્રી સત્યવાન સાથે જંગલમાં જવાને નીકળી. તેના મુખ પર હાસ્ય હતું; પરંતુ તેનું હૃદય ચિંતાથી ઘવાઈ જતું હતું. ચિત્રવિચિત્ર રમણીય સ્થાનોવાળું તેમ જ મોર વગેરે સુંદર પક્ષીઓવાળું વન સાવિત્રી પોતાનાં વિશાળ નેત્રોથી જોતી હતી. સત્યવાન પણ મધુર વચનોથી 'જો, આ પવિત્ર પ્રવાહવાળી નદીઓ વહી રહી છે; જો, આ શિખરો સુંદર ફૂલોથી શોભી રહ્યાં છે.' એ રીતે સાવિત્રીને જંગલની શોભા બતાવતો હતો. સાવિત્રી ખરી રીતે તો સત્યવાન તરફ જ ખૂબ ધ્યાન આપતી હતી અને તેના હલનચલનને બારીકીથી જોતી હતી. સાવિત્રી નારદની ભવિષ્યવાણીથી આજે પોતાના પતિ મરી જશે એમ અગાઉથી જ જાણતી હતી.

તે ધીરે પગલે પોતાના પતિની પાછળ પાછળ ચાલતી હતી; પરંતુ સત્યવાનનું મરણ આવવાનું છે એ વાતના દુઃખથી તેનું હૃદય અતિશય ભેદાઈ જતું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫ : સત્યવાનનું મૃત્યુ અને પુનર્જીવન

તે પછી સાવિત્રીની સહાય લઈ સત્યવાને ફળ–મૂળ એકઠાં કર્યાં. કેટલાંક લાકડાં પણ ચીર્યાં. લાકડાં ચીરતાં તેના શરીરે પરસેવો થયો અને ચીરવાની મહેનતથી તેના માથામાં વેદના શરૂ થઈ, એટલે સત્યવાન સાવિત્રી પાસે જઈને કહેવા લાગ્યો.

સત્યવાન :–હે સુંદરી ! લાકડાં ચીરવાથી મારું માથું દુઃખવા લાગ્યું છે, મારા શરીરે કળતર થાય છે અને મારું હૃદય કંપે છે. મારી જાતને કંઈ ઠીક લાગતું નથી. માથામાં તો જાણે શૂળો જેવું ભોંકતું હોય તેવું લાગે છે; અને મારી ઊભા રહેવાની શક્તિ પણ ચાલી ગઈ છે. મારે હવે સૂઈ જવું છે !

સત્યવાનનાં વચન સાંભળીને સાવિત્રી તેનું માથું પોતાના ખોળામાં લઈ જમીન ઉપર બેસી ગઈ. નારદે આપેલ દિવસ, મુહૂર્ત, ઘડી અને પળની ગણતરી કરતાં, તે જ કાળ હવે આવી પહોંચ્યો છે એમ સાવિત્રીએ માન્યું. તેણે સત્યવાનની પાસે તે જ સમયે ઊભા રહેલ એક પુરુષને જોયો. તે પુરુષે શરીરે રાતાં વસ્ત્ર, માથે મુગટ, હાથમાં પાશ ધારણ કર્યાં હતાં. તેના શરીરનો બાંધો મજબૂત હતો. તે સૂર્યના જેવો પ્રકાશતો હતો, તેનું શરીર કાળું હતું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આંખો રાતી હતી; તે પુરુષને જોતાં જ સાવિત્રી-એ ધીરે રહી સત્યવાનનું મસ્તક નીચે મૂકી દીધું; અને હૃદયથી કંપતી તેમ જ દુઃખી થતી ઊભી થઇને હાથ જોડીને પૂછવા લાગી.

સાવિત્રી :–આપ કોઈ દેવતા હો તેવું મને લાગે છે; કારણ કે તમારું શરીર મનુષ્યનું નથી. હે દેવ! આપ કોણ છો? અહીં શું કરવા આવ્યા છો?

યમરાજ :–હે સાવિત્રિ! તું પતિવ્રતા અને તપસ્વિની છે; માટે જ હું તારી સાથે વાત કરું છું. મારું નામ યમ છે; અને તારા પતિ સત્યવાનનું આયુષ્ય પૂરું થયેલું હોવાથી તેના સૂક્ષ્મ દેહને આ પાશથી બાંધીને લઈ જવા માટે હું આવ્યો છું.

સાવિત્રી :–હે પ્રભુ! મનુષ્યોને લેવા માટે તો તમારા દૂતો આવે છે, એવું મેં સાંભળ્યું છે; તો પછી અહીં આપ જાતે શા માટે આવ્યા છો?

સાવિત્રીની નમ્ર વાણી સાંભળી યમરાજ પોતાના મનની વાત વિસ્તારથી કહેવા લાગ્યા.

યમરાજ :–આ સત્યવાન પરમ રૂપવાન અને ગુણનો સાગર છે. આવા પુરુષને મારા દૂતો બાંધી શકે તેમ નહોતું; તે માટે હું જાતે જ આવ્યો છું.

સાવિત્રીને તે પ્રમાણે કહી યમરાજે સત્યવાનના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીરમાં રહેલા અંગૂઠા જેવડા સૂક્ષ્મ દેહને પોતાના પાશથી બાંધ્યો અને બળ કરીને તે દેહને સ્થૂલ શરીરથી છૂટો પાડ્યો. શરીરમાંથી પ્રાણ ચાલ્યા જતાં સત્યવાનના શ્વાસોચ્છવાસ બંધ થઈ ગયા, તેના શરીરની કાંતિ ચાલી ગઈ, તેની ગતિ બંધ પડી ગઈ અને શરીરનો દેખાવ બદલાઈ ગયો. એ રીતે સત્યવાનના સૂક્ષ્મ દેહને લઈ યમરાજ પોતે દક્ષિણ દિશા તરફ ચાલવા લાગ્યા; એટલે સાવિત્રી ઘણી દુઃખી થઈ, પણ જરા હિંમત ધારણ કરી તેને વ્રતનિયમથી સિદ્ધિ મળેલી હોવાથી તેમ જ મહાભાગ્ય શાળી અને પતિવ્રતા હોવાથી તે પણ યમરાજની પાછળ પાછળ ચાલવા લાગી.

પોતાના વ્રતના અને તપના પ્રભાવથી સાવિત્રી અંતરિક્ષમાં પણ યમરાજની સાથે ચાલવા લાગી. તે જોઈ યમરાજે મધુર વાણીથી સાવિત્રીને જણાવ્યું.

યમરાજ :–હે સાવિત્રિ! હવે તું પાછી જા અને તારા પતિની ઉત્તરક્રિયા કર. પતિની પાછળ જ્યાં સુધી આવવું જોઇએ ત્યાં સુધી તું આવી છે અને એ રીતે તેં પતિનું ઋણ ચૂકવ્યું છે.

સાવિત્રી :–મારા પતિને કોઈ જ્યાં લઈ જતું હોય અથવા મારા પતિ જાતે જ્યાં જતા હોય, ત્યાં મારે જવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઇએ. સ્ત્રીનો એ જ ધર્મ છે. મારા વ્રત અને તપથી, ગુરુજનોની ભક્તિથી, પતિના સ્નેહથી તેમ જ તમારી કૃપાથી મારી ગતિ કોઈ ઠેકાણે રોકાવાની નથી. 'જેની સાથે સાત પગલાં ચાલો, તેની સાથે મિત્રતા બંધાય છે' તેવું સમજી સંતો કહે છે; માટે હું મિત્રભાવે આપને બે વચન કહું તે સાંભળો : 'ગૃહસ્થાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમમાં યજ્ઞ, દાન, તેમ જ તપ કરીને, બ્રહ્મચર્યાશ્રમમાં ગુરુકુળમાં બ્રહ્મચર્યનું પાલન કરીને તેમ જ સંન્યાસાશ્રમમાં સર્વનો ત્યાગ કરીને સંયમી પુરુષો જ ધર્મનું પાલન કરે છે–રાગીઓ એવો ધર્મ પાળી શકતા નથી. સંતપુરુષો ધર્મને જ મુખ્ય ગણે છે; કારણ કે ધર્મનું ફળ આત્મજ્ઞાન છે. આ ચારે ય આશ્રમમાં રહેવાની મનુષ્યને જરૂર નથી; કારણ કે એક જ આશ્રમમાં રહીને ધર્મનું પાલન કરવાથી જ્ઞાન માર્ગે જવાય છે; માટે અમે ગૃહસ્થાશ્રમીઓ બીજા આશ્રમમાં જવાને ઇચ્છતાં નથી; કારણ કે 'ધર્મ જ પ્રધાન છે, આશ્રમ નહિ' એવી સંતોની વાણી છે.

યમરાજ :–હે સાવિત્રિ! તારું વચન ધર્મ સાથે જોડાયલું છે; અને સ્વર, વ્યંજન અને શબ્દની સ્પષ્ટતાથી તારી વાણી શોભે છે; તેથી હું પ્રસન્ન થયો છું. તું વરદાન માગ! તારા પતિના જીવન વિના હું તને બીજું બધું આપીશ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાવિત્રી :–મારા સસરા યુદ્ધમાં હારી જવાથી પોતાનું રાજ્ય ગુમાવીને વનમાં રહે છે; તેમની આંખો જતી રહી છે; તમારી કૃપાથી મારા સસરાને તપતા સૂર્યના જેવી તેજસ્વી આંખો મળો!

યમરાજ :–હે સાવિત્રિ! તેં જે વરદાન માગ્યું છે, તે હું તને આપું છું. માર્ગે ચાલવાથી તને થાક લાગ્યો છે; માટે હવે તું પાછી ફર, કે જેથી તને માર્ગનો વધુ શ્રમ લાગે નહિ.

સાવિત્રી :–હે યમરાજ! હું મારા પતિની પાસે છું; પછી મને શ્રમ શાનો? જ્યાં મારા પતિ, ત્યાં છે મારી ગતિ. એટલે આપ મારા પતિને જ્યાં લઈ જશો, ત્યાં હું પાછળ પાછળ આવીશ. 'સજ્જનોની સાથે એક જ વખત સોબત થાય, તોપણ મોટો લાભ છે; કારણ કે તેથી સજ્જનો મિત્ર બને છે. સજ્જનોની સોબત નિષ્ફળ જતી નથી; માટે સદા સજ્જનોના સમાગમમાં રહેવું' એવી સંતોની વાણી છે.

યમરાજ :–હે સાવિત્રિ! તારું વચન મનને અનુકૂળ, ડાહ્યા માણસની બુદ્ધિને વધારનારું અને સર્વનું હિત કરનારું છે. તું બીજું વરદાન માગ. તારા પતિના જીવન વિના હું તને સઘળું આપીશ.

સાવિત્રી :–મારા સસરાનું રાજ્ય જે પહેલાં લૂંટાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયું છે, તે રાજ્ય તેમને આપોઆપ મળી આવે અને મારા સસરાની બુદ્ધિ સદા ધર્મકાર્યમાં જ રહે એવું હું બીજા વરદાનમાં માગું છું.

યમરાજ :–તારા સસરાને આપોઆપ રાજ્ય મળશે, તારા સસરા ધર્મનો ત્યાગ નહિ કરે–હું તારા પર પ્રસન્ન થઈને એવું વરદાન આપું છું. તને ચાલવાથી થાક ન લાગે તે માટે હવે તું પાછી ફર.

સાવિત્રી :–આ પ્રજા તમારા નિયમોને આધીન છે. તમે આ પ્રજાને નિયમમાં રાખી યોગ્ય શિક્ષા કરો છો અને પછી તેને સારાં કર્મોમાં જોડો છો; માટે જ આપ 'યમ' 'નિયમ' કરનાર તરીકે પ્રસિદ્ધ છો. સંતોનો સનાતન ધર્મ એ છે, કે 'મન, વચન અને કર્મથી કોઈ પ્રાણીનું ભૂંડું કરવું નહિ, સર્વની ઉપર દયા રાખવી અને શક્તિ પ્રમાણે દાન કરવું.' મનુષ્યનું આયુષ્ય થોડું હોય છે અને શક્તિ પણ નહિ જેવી (નજીવી) હોય છે એટલે તેઓ ધર્મ પાળી શકતા નથી; પરંતુ સંતો તો શરણે આવેલ શત્રુ પર પણ દયા રાખે છે.

યમરાજ :–જેમ તરસ્યાને પાણી મધુરું લાગે તેમ તારું વચન મને મધુરું લાગે છે. તારી ઇચ્છા હોય, તો તું હજી પણ વરદાન માગ! સત્યવાનના જીવન વિના હું તને બીજું સઘળું આપીશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાવિત્રી :–મારા પિતાને પુત્ર નથી; માટે કુળની વૃદ્ધિ કરે તેવા સો ઔરસ પુત્રો તેમને પ્રાપ્ત થાય– આ હું ત્રીજા વરદાનમાં માગું છું.

યમરાજ :–હે સાવિત્રિ! તારા પિતાને કુળની વૃદ્ધિ કરનારા સો તેજસ્વી પુત્રો થશે. હું તારા પર પ્રસન્ન થઈને એ વરદાન આપું છું. તું ખૂબ દૂર સુધી આવી ગઈ છે, માટે હવે પાછી ફર.

સાવિત્રી :–હું દૂર આવી જ નથી; કારણ કે હું મારા પતિની પાસે છું. મારું મન તો તેથી ય આગળ દોડી જાય છે ! હું ચાલતાં ચાલતાં આપની સાથે વાત-ચીત કરું છું, તે આપ સાંભળો. આપ વિવસ્વાન સૂર્ય-ના પુત્ર છો; માટે આપને પંડિતો વૈવસ્વાન યમ કહે છે. આપ સૂર્યની જેમ એક સરખી રીતે પ્રજાને નિયમમાં લો છો, માટે જ આપ ધર્મરાજ ગણાઓ છો. જેટલો સંતો પર વિશ્વાસ હોય છે, તેટલો માણસને પોતાની જાત પર હોતો નથી; માટે જ સાધારણ મનુષ્યો પણ સંતો સાથે પ્રીતિ ઇચ્છે છે. સંતો સર્વ પ્રાણીઓને ચાહતા હોય છે, એટલે સંતો પર વિશ્વાસ બંધાય છે; માટે જ સર્વ માણસો વિશેષે કરીને સંતો પર જ વિશ્વાસ કરે છે.

યમરાજ :–હે સાવિત્રિ ! તું કહે છે એવાં વચનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં પહેલાં કદી સાંભળ્યાં નથી; માટે હું તારી પર પ્રસન્ન થયો છું. તું ચોથું વરદાન માગ! સત્યવાનના જીવન વિના હું બીજું સઘળું આપીશ.

સાવિત્રી:–મને સત્યવાનથી સો ઔરસ પુત્રો થાઓ જે મારા અને સત્યવાનના કુળની વૃદ્ધિ કરનારા તેમ જ બળ અને વીર્યથી શોભનારા હોય!

યમરાજ:–હે સાવિત્રી! તને બળ અને વીર્યથી શોભતા સો પુત્રો થશે. તારી પર પ્રસન્ન થઈ હું એ વરદાન પણ આપું છું. તું હવે બહુ દૂર આવી છે, તને થાક લાગ્યો હશે, માટે હવે તું પાછી ફર.

સાવિત્રી:–સજ્જનોનો સાધારણ વ્યવહાર પણ ધાર્મિક હોય છે. સજ્જનો સાથેનો સજ્જનોનો સમાગમ નિષ્ફળ જતો નથી, તેમ જ સંતોને સજ્જનો-થી ભય હોતો નથી. સજ્જનો સત્યને આધારે સૂર્યને દોરે છે. સજ્જનો તપથી ભૂમિને ધારે છે. સજ્જનો ભૂત અને ભાવિના સ્તંભ છે. સજ્જનોની સાથે રહી સંતો ફસાતા નથી. આર્યપુરુષોનું આ સનાતન સત્ય વર્તન છે, એવું જાણી સજ્જનો પરસ્પર ઉપકાર કરે છે; પણ ઉપકારનો બદલો ઇચ્છતા નથી. સજ્જન પુરુષોની કૃપા, પુરુષાર્થ અને માન નિષ્ફળ જતાં નથી. આ ત્રણે ય સિદ્ધિઓ સજ્જનો પાસે હોય છે, માટે સજ્જનો સમાજનું રક્ષણ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યમરાજ :–હે સાવિત્રિ ! જેમ જેમ તું ધર્મથી સંમત, મનને અનુકૂળ સુંદર પદ અને ગંભીર અર્થથી શોભતું વચન બોલે છે, તેમ તેમ તારામાં મારી પ્રીતિ વધતી જાય છે. કોઈએ નહિ માગેલું એવું વરદાન માગ.

સાવિત્રી :–મારા સસરા અને મારા પિતાને ઔરસ પુત્રો થાય તેવાં વરદાન આપે આપ્યાં છે, તેવીજ રીતે સત્યવાનથી મને ઔરસ પુત્રો થાય તેવું વરદાન પણ આપે મને આપ્યું છે; માટે આ સત્યવાન જીવતા થાય તેવું વરદાન હું માગું છું; કારણ કે પતિ વિના હું પણ મર્યા બરોબર છું. મારા પતિ વિના હું કોઈ સુખને ઇચ્છતી નથી. મારા પતિ વિના હું સ્વર્ગને પણ ચાહતી નથી. મારા પતિ વિના મારે લક્ષ્મી પણ જોઈતી નથી. મારા પતિ વિના હું જીવવાને પણ તૈયાર નથી. મને સત્યવાનથી સો પુત્ર થાય એવું આપે ઉત્તમ વરદાન આપ્યું છે અને મારા પતિ તો નાશ પામી રહ્યા છે; માટે હું એવું વરદાન માગું છું, કે મારા પતિ જીવે અને આપનું વચન સત્ય થાય !

સાવિત્રીનાં મધુર અને યુક્તિથી શોભતાં વચનો સાંભળી યમરાજે પ્રસન્ન થઈ સત્યવાનના સૂક્ષ્મ દેહને પાશથી છોડી નાખ્યો; અને સાવિત્રીને મધુર વચનોથી જણાવ્યું, કે ' હે સાવિત્રિ ! મેં તારા પતિને પાશથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોડી મૂક્યો છે. તું સત્યવાનને લઈ શઈ જકે છે. સત્યવાન નીરોગી અને કાર્યમાં સિદ્ધિ મેળવે તેવો થશે. સત્યવાન ચારસો વર્ષથી વધારે આયુષ્ય મેળવી તારી સાથે યજ્ઞયાગાદિ ક્રિયાઓ કરી લોકમાં ખ્યાતિ મેળવશે; સત્યવાનથી તને જે સો પુત્રો થશે, તે પણ બધા પ્રતાપશાળી રાજાઓ બનશે; અને તેઓ પણ પુત્ર–પૌત્ર વગેરે મેળવી કુળની વૃદ્ધિ કરશે.

એ રીતે સાવિત્રીને ઉત્તમ વરદાન આપી તેમ જ સાવિત્રીને વિદાય આપી ધર્મરાજ યમ પોતાના ધામમાં ગયા. યમરાજ વિદાય થતાં સાવિત્રી પણ સત્યવાનના સૂક્ષ્મ દેહ સાથે, જ્યાં સત્યવાનનું કલેવર પડયું હતું, ત્યાં જંગલમાં આવી પહોંચી. પૃથ્વી પર પડેલા સત્યવાનના શરીર પાસે જઈ સાવિત્રીએ તેના મસ્તકને પોતાના ખોળામાં લઈ લીધું. સત્યવાનને ભાન આવ્યું, એટલે તે સાવિત્રી સામે જોવા લાગ્યો અને જાણે લાંબા પ્રવાસે જઈ પાછો આવ્યો હોય તેવી રીતે સાવિત્રીને કહેવા લાગ્યો.

સત્યવાન:–હે સાવિત્રિ ! હું ખૂબ જ ઊંઘી ગયો, તોપણ તેં મને કેમ જગાડ્યો નહિ ?

સાવિત્રી:–તમે મારા ખોળામાં સૂઈ ગયા હતા; તેથી તમને જગાડ્યા નહિ. તમે ખૂબ જ થાકી ગયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા, તેથી તમને ગાઢ નિદ્રા આવી હતી; એટલે તમને જગાડવા બરોબર નહોતું. હવે સૂર્ય આથમી ગયો છે અને અંધારું થતું જાય છે એટલે આપ જાગ્રત થાઓ !

૬ : સર્વ દુઃખોની સમાપ્તિ

સાવિત્રીનું વચન સાંભળી સત્યવાન સ્વસ્થ થયો. સુખે સૂઈ ગયા પછી કોઈ ઊઠે તે રીતે તે બેઠો થયો અને ચારે દિશાઓમાં જોઈ તે સાવિત્રીને કહેવા લાગ્યો, કે 'હે સાવિત્રિ ! ફળ–મૂળ વગેરે લેવાને હું તારી સાથે જંગલમાં આવ્યો હતો, પછી લાકડાં ચીરવાથી મારા મસ્તકમાં વેદના શરૂ થઈ. માથું દુઃખવાથી મારા મસ્તકમાં વેદના શરૂ થઈ. માથું દુઃખવાથી મારાથી ઊભું રહેવાતું નહોતું; એટલે તારા ખોળામાં માથું મૂકી હું સૂઈ ગયો ત્યાં સુધી મને બધું ભાન હતું. તારા ખોળામાં સૂવાથી હું ઘસઘસાટ સૂઈ ગયો. તે પછી મેં એક કાળા રંગના મહાતેજસ્વી પુરુષને જોયો. જો તું જાણતી હોય તો મને કહે, કે એ પુરુષ કોણ હતો ? એ પુરુષ સાચેસાચ અહીં આવ્યો હતો, કે પછી મને સ્વપ્ન આવ્યું હતું ?

સાવિત્રી:–હે સત્યવાન ! આ ગાઢ રાત્રિ આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગઈ છે અને વિલંબ થયો છે; માટે કાલે તમને બધી વાત લંબાણથી કહીશ. તમે હવે બરોબર સ્વસ્થ થાઓ. સૂર્ય આથમી ગયો છે અને રાત્રિ અંધકારથી ઘેરાઈ છે; તેથી આશ્રમમાં માતાપિતા આપણી રાહ જોતાં હશે. વળી, હિંસક પ્રાણીઓ આ ભયંકર જંગલમાં ફરવા લાગ્યાં છે. જંગલના માર્ગોમાં તેમનાં ફરવાનો અવાજ આવ્યા કરે છે. દક્ષિણ અને પશ્ચિમ દિશામાં શિયાળવાં અવાજો કરે છે. તે બધાથી મારું હૃદય કંપે છે!

સત્યવાન :–આ જંગલ ખૂબ જ ભયંકર લાગે છે. ચારે બાજુ ઘોર અંધકાર ફેલાઈ ગયો છે. તને રસ્તાની ખબર નહિ પડે, તેમ જ તારા પગે ચાલી પણ શકાશે નહિ.

સાવિત્રી :–જંગલમાં દૂર એક સૂકું લાકડું બળે છે અને પવન ફૂંકાવાથી તેની ઝાળ દૂર સુધી ફેલાય છે; તેમાંથી આપણે દેવતા લાવી આ લાકડાં બાળીશું અને તેના અજવાળે અજવાળે આપણે ચાલીશું; માટે તમે કોઈ જાતનો શોક કરો નહિ. જો તમારા શરીરને ઠીક ન હોય અને અત્યારે ચાલવાનો ઉત્સાહ થતો ન હોય, તો આપણે આજની રાત્રિ અહીં રહી જઈએ. સૂર્યોદય થતાં આપણે આ જંગલમાંથી ચાલ્યાં જઈશું; માટે તમારી મરજી હોય તેમ કરીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યવાન :–હવે મારું માથું દુઃખતું નથી. મારા શરીરે પણ ઠીક છે એટલે તારી મરજી હોય, તો આપણે હમણાં જ જઈએ; કારણ કે માતાપિતાને જોવા હું ઘણો જ આતુર છું. હું માતાપિતાને છોડી કવખતે બહાર નીકળ્યો નથી. કોઈ વખતે બહારથી સાંજે મોડો આવું, તો માતા મને ઠપકો આપે છે. દિવસે પણ જો મારે આવતાં મોડું થાય, તો બન્નેને ચિંતા થાય છે અને પિતાજી આશ્રમવાસીઓને લઈ મને શોધવા નીકળે છે. હું કોઈ વખત કારણસર મોડો પડી જાઉં, તોપણ માતાપિતા ખૂબ જ દુઃખી થઈ જતાં અને 'તું બહુ જ મોડો આવે છે' કહી મને ઠપકો દેતાં. આપણા નહિ જવાથી અત્યારે તેઓ કેવી દશામાં હશે, તેની જ મને તો ચિંતા થયા કરે છે. મને નહિ આવેલો જોતાં તેઓ ઘણાં જ દુઃખી થઈ ગયાં હશે. એક વખતે રાતે ઘણાં જ દુઃખી–ગળગળાં થઈ ગયાં હતાં, ત્યારે તે બન્નેએ મને ખૂબ જ પ્રેમથી જણાવ્યું હતું, કે 'હે પુત્ર! તારા વિના અમે એક મુહૂર્ત પણ જીવી શકીએ તેમ નથી; તું જ અમારા જીવનનો આધાર છે. તું હશે ત્યાં સુધી જ અમારું જીવન છે. અમારી–બન્ને આંધળાંની તું જ લાકડી છે. અમારા કુળનો પણ તું જ આધાર છે. તારાથી જ અમારી કીર્તિ અને પિંડદાન સચવાશે. તું એક જ અમારું સંતાન છે.' માતા અને પિતા બન્ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃદ્ધ છે; અને હું એક જ તેમનો આધાર છું. અત્યારે તેઓ મને નહિ જુએ, તો તેમની કેવી દશા થશે? મને જંગલમાં ગાઢ નિદ્રા આવી ગઈ, તે ખરેખર બહુ જ ખરાબ થયું. મને ગાઢ નિદ્રામાં કંઈ જ ભાન રહ્યું નહિ, કે મારાં માતાપિતાની શી દશા થશે! હું ખરેખર બહુ જ સંકટમાં ફસાઈ ગયો છું. માતા અને પિતા વિના હું બિલકુલ જીવી શકીશ નહિ. ખરેખર મારા અંધ પિતા ઘણા વ્યાકુળ થઈને ઘડીએ ઘડીએ આશ્રમવાસીઓને મારી ખબર પૂછતા હશે. પિતાના દુઃખી થવાથી માતા પણ ઘણી જ દુઃખી થઈ ગયાં હશે. એમના દુઃખનો વિચાર આવતાં મારા હૃદયમાં આઘાત થાય છે. મને સંભારીને ખરેખર તેઓ ઘણા જ દુઃખી થયાં હશે. તેઓ જીવતાં હશે, ત્યાં સુધી હું જીવી રહ્યો છું; કારણ કે તેમનું ભરણપોષણ કરવું મારે માથે છે અને તેમનું મારે પ્રિય કરવું જોઇએ એ મારી ફરજ છે.

એ રીતે સાવિત્રીને કહી ગુરુભક્ત, ધર્માત્મા સત્યવાન ખૂબ જ દુઃખી થઈ ઊંચા હાથ કરી મોટેથી રડવા લાગ્યો. આ રીતે પોતાના પતિને ખૂબ જ દુઃખી થતા જોઈ સાવિત્રીએ તેના નેત્રનાં આંસુ લૂછી નાખ્યાં; અને આશ્વાસન આપતાં મધુર વચનો-થી કહેવા લાગી, કે 'જો મેં સારી રીતે તપ કર્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય, અગ્નિમાં હોમ કર્યો હોય, તો મારાં સાસુ અને સસરાની આ રાત્રિ સુખમાં જાઓ. હું મશ્કરીમાં ય કોઇ વખત જૂઠું બોલી હોઉં, તેવું મને યાદ આવતું નથી; માટે મારા સત્યના બળે મારાં સાસુ–સસરાનું જીવન ટકી રહો!'

સત્યવાન :–હે સાવિત્રિ! હું માતાપિતાનાં દર્શન કરવા ઇચ્છું છું; માટે હવે વિલંબ ન કર. જો મારા જતા પહેલાં માતાપિતા આપઘાત કરી બેસશે, તો હું જીવી શકીશ નહિ તેની તને ખાતરી આપું છું. જો તું મારું જીવન ઇચ્છતી હોય અને જો તારી બુદ્ધિ ધર્મમાં જોડાયેલી હોય, તો ચાલ આપણે હમણાં જ આશ્રમે પહોંચી જઇએ.

સત્યવાનનું વચન સાંભળી, સાવિત્રી ઊભી થઈ. તેણે પોતાના કેશ સંકેલ્યા અને સત્યવાનના હાથ પકડી તેને ઊભો કર્યો. સત્યવાને પણ ઊભા થઈ પોતાનાં અંગોને સાફ કર્યાં અને પોતે વીણેલાં ફળ–મૂળ પર દૃષ્ટિ ફેંકી. સાવિત્રીએ સત્યવાનને કહ્યું, કે 'આ ફળ–મૂળ કાલે લઈ જઇશું અને હાલ સાવચેતી માટે આ કોદાળી હું સાથે રાખું છું' એમ કહી, સાવિત્રી ઝાડની ડાળીએ લટકતી કોદાળી લઈ પતિ પાસે આવી પહોંચી. સાવિત્રી પતિનો ડાબો હાથ પોતાના ખભા પર મૂકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યવાનને જમણે પડખે સાચવી સાવધાનીથી ચાલવા લાગી. સત્યવાને સાવિત્રીને જણાવ્યું, કે 'આ જંગલમાં હું રોજ આવું છું; એટલે મને માર્ગની ખબર છે. ઝાડની ઓથેથી જે પ્રકાશ આવે છે, તેનાથી પણ રસ્તો દેખાય છે. આપણે બન્ને ફળ–મૂળ લેવા જે માર્ગે આવ્યાં હતાં, તે જ માર્ગે આપણે જઈ રહ્યાં છીએ, માટે તું ચિંતા ન કર. આ ખાખરાના ઝાડ પાસે થઇને રસ્તો બે બાજુ ફંટાય છે; તો ડાબી બાજુએ જે માર્ગ છે, તે તરફ તું ચાલ. હું માતાપિતાને જોવા ખૂબ આતુર છું, એટલે મારામાં નવું બળ આવ્યું છે અને હું હવે સ્વસ્થ થયો છું.' એ રીતે વાતચીત કરતાં સત્યવાન અને સાવિત્રી પોતાના આશ્રમ તરફ ઝડપથી જવા લાગ્યાં.

આ બાજુ યમરાજના વરદાનથી દ્યુમત્સેનની આંખમાં તેજ આવ્યું; એટલે દ્યુમત્સેન પ્રસન્ન દૃષ્ટિથી બધે જોવા લાગ્યા. પોતાની પત્ની સાથે તે સત્યવાનને શોધવા ઋષિઓના આશ્રમમાં ફરવા લાગ્યા; પણ સત્યવાન નહિ મળવાથી તે ઘણા જ દુઃખી થયા. રાજા અને રાણી સત્યવાનને શોધવા નદી, સરોવરો, વન, આશ્રમ વગેરે સ્થાનોમાં ભટકવા લાગ્યાં. કોઈકનો શબ્દ આવતાં જ 'સાવિત્રી સાથે સત્યવાન આવ્યા' એમ બોલતાં સત્યવાનને ઝંખવા લાગ્યાં અને સત્યવાનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોધમાં પોતાને પણ ભૂલી ગયાં. તેમના અંગે ઉઝરડા થયા; અને પગ કાંટા-કાંકરાથી ભેદાઈ ગયા. શરીર-માંથી લોહી નીકળવા લાગ્યું, તોપણ તેઓ ગાંડાની જેમ સત્યવાનને શોધતાં હતાં. આશ્રમમાં વસતા તપસ્વી-ઓએ તેમને બહુ બહુ સમજાવીને આશ્રમમાં પાછાં આણ્યાં; અને ઋષિઓ તેમને બન્નેને આશ્વાસન આપવા લાગ્યા. વૃદ્ધ તપસ્વીઓ રાજા અને રાણીના મનને પ્રસન્ન કરવા જુદી જુદી જાતની કથા-વાર્તાઓ કહેતા હતા. આશ્વાસન મેળવીને પણ તે રાજા-રાણીનું દુઃખ ઓછું થયું નહોતું. તેઓ બન્ને વારંવાર સત્યવાનની બાળ-લીલાઓને યાદ કરી દુઃખી થતાં હતાં. ફરીથી પાછા સત્યવાન અને સાવિત્રીને સંભારી ઘણો જ વિલાપ કરવા લાગ્યાં. એટલે નીચે પ્રમાણે બ્રાહ્મણો તેમને અનેક રીતે આશ્વાસન આપવા લાગ્યા.

સુવર્ચા :-સત્યવાનની સ્ત્રી સાવિત્રી તપ, સંયમ અને આચારમાં સાવધ છે; માટે તેના પતિ જીવે છે.

ગૌતમ :-હું છ શાસ્ત્રો સાથે ચારે ય વેદ ભણ્યો છું. મેં ખૂબ જ તપ મેળવ્યું છે. કુમાર અવસ્થામાં બ્રહ્મચર્ય પાળી ગુરુઓની સેવા કરી, સાવધાન રહી મેં ઘણાં વ્રતો કર્યાં છે. મેં વિધિસર વાયુ પર પણ તપ કર્યું છે. મારી આ સિદ્ધિઓથી મને બીજા વિષે પણ ખબર પડે છે; માટે હું સાચું કહું છું, કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યવાન જીવે છે.

શિષ્ય :–મારા ગુરુએ જે વચન કહ્યું છે, તે મિથ્યા થાય તેમ નથી; માટે સત્યવાન જરૂર જીવે છે.

ઋષિઓ :–સત્યવાનની પત્ની સાવિત્રી સર્વ પ્રકારનાં અખંડ સૌભાગ્યવતીનાં લક્ષણો ધરાવે છે; માટે સત્યવાન જીવે છે.

ભારદ્વાજ :–સાવિત્રી તપ, દમ અને આચારથી શોભે છે; માટે સત્યવાન જીવે છે.

દાલભ્ય :–તમારી આંખોમાં નવો પ્રકાશ આવ્યો છે. સાવિત્રીએ વ્રત કર્યું છે અને પારણાં કર્યાં વિના ગઈ છે; માટે અનુમાન થાય છે, કે સત્યવાન જીવે છે.

આપસ્તંબ :–પશુ–પક્ષીઓ શાંત દિશામાં જે રીતે મધુર અવાજ કરે છે અને જે રીતે તમારી પ્રતિભામાં ફેર પડયો છે, તે બતાવે છે, કે સત્યવાન જીવે છે.

ધૌમ્ય :–તમારો પુત્ર સત્યવાન સર્વ ગુણોનો ભંડાર છે અને લોકોને પ્રિય છે. તેનાં બધાં લક્ષણો દીર્ઘાયુષીનાં છે; માટે તે જીવે છે.

એ રીતે મુનિવરોનાં આશ્વાસનભરેલાં વચનો સાંભળી તથા તેમના આશીર્વાદોને ધ્યાનમાં લઈ રાજા–રાણી ઘડીભર ચિંતા રહિત થયાં. એટલામાં સત્યવાન અને સાવિત્રીએ હસતાં મુખે આશ્રમમાં પ્રવેશ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રાહ્મણો :–હે રાજન્! તમારો પુત્ર આવી પહોંચ્યો છે, તમને નવી દૃષ્ટિ આવી છે; માટે અમે બધા આપની વૃદ્ધિ ઇચ્છીએ છીએ. પુત્રનો મેળાપ થયો, સાવિત્રીનાં દર્શન થયાં અને આંખોને પ્રતિભા આવી–એમ ત્રણ સિદ્ધિઓ મેળવીને તમારી વૃદ્ધિ થઈ છે. અમારાં બધાંનાં વચનો સાચાં પડ્યાં છે; હજી આપની ઉત્તરોત્તર વૃદ્ધિ થયા કરે એમ અમે બધા ઇચ્છીએ છીએ.

તે પછી બ્રાહ્મણોએ ત્યાં અગ્નિ પ્રકટ કર્યો; અને રાજા દ્યુમત્સેનનું કલ્યાણ થાય તે માટે અગ્નિમાં હોમ કર્યો. સત્યવાન અને સાવિત્રીને પાસે લઈ રાજા અને રાણી સુખેથી બેઠાં અને તે બધાંનો શોક દૂર થઈ ગયો. રાજા અને રાણીને શાંત થયેલાં જોઈ વનના વૃદ્ધ તપસ્વીઓ સત્યવાનની ખબર પૂછવા લાગ્યા.

ઋષિઓ :–હે રાજકુમાર! તમે જંગલમાંથી સાવિત્રી સાથે જલદી કેમ ન આવ્યા? જંગલમાં શાથી આટલી રાત વીતી ગઈ? તમને જંગલમાં શી અડચણ આવી હતી? તમારાં માતાપિતા અહીં ખૂબ જ દુઃખી થઈ ગયાં હતાં; તમને વિલંબ કેમ થયો તે અમને જણાવો.

સત્યવાન :–પિતાની આજ્ઞાથી હું સાવિત્રીને લઇ જંગલમાં ગયો હતો. ત્યાં લાકડાં ચીરતાં મારું માથું દુઃખવા લાગ્યું; એટલે હું સૂઈ ગયો. વેદનાને લીધે હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખૂબ જ ઊંઘી ગયો, મને તેનું ભાન રહ્યું નહિ. આટલો લાંબો કાળ હું કદી સૂતો નહોતો. હું ઊઠયો ત્યારે સૂર્ય આથમી ગયો હતો; પણ તમને બધાંને સંતાપ ન થાય તે માટે આટલી મોડી રાતે પણ અમે અહીં આવી પહોંચ્યાં.

ગૌતમ :–તમારા પિતાને અકસ્માત આંખમાં તેજ આવ્યું છે તેનું કારણ તમે જાણતા નથી; પણ સાવિત્રી તે કારણ જાણતી હોવી જોઇએ. હે સાવિત્રી ! તું બધી જ બાબત જાણે છે; માટે હું તારી પાસેથી બધી વિગત સાંભળવા ઇચ્છું છું. તું તો સાક્ષાત્ દેવી સાવિત્રી જેટલી તેજસ્વી છે. તારા સસરાની આંખોએ તેજ આવવાનું ખરુ કારણ તું જાણે છે; માટે ખાનગી ન હોય, તો આ રહસ્ય અમને કહે.

સાવિત્રી :–તમે કહો છો તે બરાબર છે. તમારી ધારણા સાચી છે. મારે પણ કંઈ ખાનગી રાખવાનું કારણ નથી; માટે તમે તે રહસ્ય સાંભળી લો. નારદ મુનિએ મારા પતિનું આજે મૃત્યુ થવાનું છે એવી વાત અગાઉ કહી હતી; એટલે આજે મેં મારા પતિને જંગલમાં એકલા જવા દીધા નહિ. મારા પતિ સૂઈ ગયા, એટલે યમરાજ જાતે આવી પહોંચ્યા અને સત્યવાનને બાંધી તેમને પિતૃલોકમાં લઈ ચાલ્યા. મેં યમરાજને મધુર વચનોથી પ્રસન્ન કર્યા; તેથી તેમણે મને એક પછી એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચ વરદાન આપ્યાં. તે ઉપરાંત, મારા પતિ સત્યવાનને ચારસો વર્ષનું આયુષ્ય પ્રાપ્ત થયું. મારા પતિને જીવન મળે તે માટે જ મેં આ વ્રત કર્યું હતું. હવે મારા દુઃખની સમાપ્તિ થાય, તેવું સુખ મને મળ્યું છે.

ઋષિઓ :–હે સાવિત્રિ! આ રાજાનું આખું કુળ મૃત્યુરૂપી ઘોર અંધકારમાં ડૂબી જવાનું હતું. તેં પુણ્યવ્રત કરી આખા કુળને ઉગાર્યું છે; માટે તું ખરેખર કુલીન છે.

તપસ્વી મુનિઓ તે રીતે કુલીન અને તપસ્વીની સાવિત્રીનાં વખાણ કરતા અને દ્યુમત્સેનને ભાગ્યશાળી પુત્ર અને પુત્રવધૂ મળ્યાના અભિનંદન આપતા પોત-પોતાના આશ્રમમાં ગયા. રાત્રિ વહી જતાં અને પ્રભાતમાં સૂર્યનો ઉદય થતાં આશ્રમના તપસ્વીઓ સવારના કાર્યો કરી રાજા પાસે આવી પહોંચ્યા. મહર્ષિઓ સાવિત્રીના ગુણોની પ્રશંસા કરતાં થાકતા ન હતા. તે જ વખતે શાલ્વદેશથી તેમના પ્રજાજનો ત્યાં આવી પહોંચ્યા. તેમણે વધામણી આપી, કે 'આપણા પ્રધાને આપણા શત્રુને મારી નાખ્યો છે. પ્રધાને આપણા શત્રુને સૈનિકો અને બંધુજનો સાથે કેવી ચતુરાઈ અને બહાદુરીથી હણ્યો, તે બધું પ્રજાજનોએ દ્યુમત્સેનને જણાવ્યું. પ્રજાજનોએ દ્યુમત્સેન રાજાને કહ્યું, કે 'અમે બધા પ્રજાજનો એક જ નિશ્ચય પર આવ્યા છીએ, કે દ્યુમત્સેન આંખે અંધ હોય, તોપણ તે અમારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા છે. અમે બધા પાકો નિશ્ચય કરી આપની પાસે આવ્યા છીએ; માટે આપ, પાયદળ, ઘોડેસ્વાર, રથો અને હાથી એ ચારે અંગોથી શોભતી સેનાના નાયક બનો. હે રાજન્! અમે નગરમાં ઢંઢેરો પીટી આપનો વિજય ગાયો છે; માટે આપ પધારો અને કુળ પરંપરાથી ચાલ્યા આવેલા આપના રાજ્યનું રક્ષણ કરો.' પ્રજાજનો દ્યુમત્સેનના શરીરની પ્રતિભા અને તેમની આંખોનું તેજ જોઈ ઘણા જ વિસ્મય પામ્યા. પછી પ્રજાજનોના આગ્રહને માન આપી રાજા દ્યુમત્સેન તપોવનમાં વસતા મુનિઓની આજ્ઞા લઈ પોતાના નગરમાં જવા તૈયાર થયા. મહારાણી શૈલા અને પતિવ્રતા સાવિત્રીને સાથે લઈને રાજા દ્યુમત્સેન એક પાલખીમાં બેઠા અને રાજકુમાર સત્યવાન સાથે પોતાના રાજનગરમાં ગયા.

રાજાના પુરોહિતોએ રાજકુમાર સત્યવાનનો રાજ્યાસન પર અભિષેક કર્યો. તે રીતે ઘણો કાળ રાજ્ય કરતાં સાવિત્રીએ સત્યવાનના કુળની કીર્તિ વધારે તેવા સો શૂરવીર પુત્રો આપ્યા. સાવિત્રીના પિતા રાજા અશ્વપતિને પણ મહારાણી માલવીથી સો પુત્રો થયા. એ રીતે પતિવ્રતા સાવિત્રીએ પોતાનાં માતાપિતા, પોતાનાં સાસુ–સસરા અને પોતાની જાતનું એકસરખી રીતે ભલું કર્યું અને બન્ને કુળોને તાર્યાં!

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરેરુ સાહિત્ય વર્ધક કાર્યાલયના

અન્ય સ્ત્રી-ઉપયોગી ગ્રંથો

ભારતની દેવીઓ : ત્રણ ગ્રંથોમાં (આવૃત્તિ : ૩ જી)

તમારી વહુબેટીઓને સ્ત્રીજીવનના ઉત્તમ આદર્શ પૂરા પાડી, તેમનાં જીવન, ગૃહ અને સંતતિ સુખી તથા સદ્ગુણી બનાવવા સારુ આ અમૂલ્ય રત્નભંડાર અચૂક લઈ આપો.

કુલ પાન–૨૨૬૮ : મૂલ્ય રૂ. ૯–૦ : ટપાલખર્ચ ૧–૪

છૂટક દરેક ગ્રંથના રૂ–૩–૦–૦

* સત્યયુગથી માંડીને અત્યાર સુધીમાં થઈ ગયેલી અકંદરે પર૮ મહાન સતી-સાધ્વીઓ અને વીરાંગનાઓનાં બોધપ્રદ અને અસરકારક ચરિત્રોનો સૌથી મોટો, સસ્તો ને ઉત્તમ સંગ્રહ.

* **બહેનો અને કન્યાઓને લગ્ન જેવા શુભ પ્રસંગોએ ભેટ આપવા યોગ્ય તથા કન્યાશાળાઓ તથા સ્ત્રી-પાઠશાળાઓમાં ઇનામ તરીકે વહેંચવા જેવા સર્વોત્તમ ગ્રંથ હોઈ, કોઈ પણ કન્યાશાળા કે સ્ત્રીસંસ્થામાં આ ગ્રંથની નકલ અવશ્ય હોવી જોઈએ; કેમ કે સ્ત્રીજીવન વિષે એ એક અપ્રતિમ પુસ્તક-ગુચ્છ છે.**

ગ્રંથ ૧ લો

પાન ૭૩૨, પ્રાચીન ને ઐતિહાસિક સતીઓનાં ૧૧૩ ચરિત્રો : : તેમાંનાં કેટલાંક નામો:—દક્ષકન્યા, સતી પાર્વતી, સાવિત્રી, સરસ્વતી, લોપામુદ્રા, કૌશલ્યા, સુમિત્રા, કૈકેયી, સીતા, શબરી, ગાર્ગી, મૈત્રેયી, અહલ્યા, તારા, અનસૂયા, સુલોચના, દમયંતી, સુનીતિ, કુંતી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માદ્રી, ગાંધારી, વિદુરપત્ની, દ્રૌપદી, રુક્મિણી, રેવતી, ઉત્તરા, ઉષા, શકુંતલા, શર્મિષ્ઠા, સુકન્યા, વૃંદા, દેવહુતી, અરુંધતી, મદાલસા, કલાવતી, બેહુલા, સુલભા, ઇલા, અંબાલિકા, કાત્યાયની, ગાયત્રી ... વગેરે, વગેરે

*

ગ્રંથ ૨ જો

પાન ૬૭૩, પ્રાચીન સતીઓનાં ૨૪૯ ચરિત્રો : તેમાંનાં કેટલાંક નામોઃ—રૂપસુંદરી, જસમા ઓડણ, મયણુલ્લા-દેવી, રાણુકદેવી, ગુણસુંદરી, સંયુક્તા, દેવળદેવી, વીરમતી, પદ્મિની, તારાબાઈ, નાગબાઈ ચારણી, મીરાંબાઈ, ગુલ-બદન બેગમ, દુર્ગાવતી, રૂઠીરાણી, પન્ના, રૂપમતી, જવા-હિરબાઈ, ચંપાદે, કમલાવતી, જોધબાઈ, બેગમ નૂરજહાં, રત્નાવલિ, સલીમા, કર્માબાઈ, સોનાબીબી, પ્રિયંવદા, કરમેતીબાઈ ઝેબુન્નિસા, ચાંદબીબી...વગેરે, વગેરે

*

ગ્રંથ ૩ જો

પાન ૮૦૪, મધ્યયુગનાં અને અર્વાચીન સતીઓનાં ૧૬૬ ચરિત્રો. તેમાંનાં કેટલાંક નામોઃ—રાજમાતા જીજીબાઈ, વીરાંગના તારાબાઈ, રૂપમંજરી, સાહેબ કુંવરી, અહલ્યાબાઈ, દેવી ચૌધરાણી, કૃષ્ણાકુમારી, મૈના પવારીણ, સિકંદર બેગમ, રાણી રાસમણિ, ઉમાબાઈ દાભાડે, મહારાણી લક્ષ્મીબાઈ, રાણી ચંદા, માજી હરિકુંવરી, સ્વામીભક્ત આયા, અજયા બ્રહ્મચારિણી, મહારાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વર્ણમયી, માતાજી તપસ્વિની, વીરાંગના રૂપકુમારી, રાણી ભવાની, શ્રીમતી ભગવતી દેવી, ભગિની નિવેદિતા, સરલા દાસ, આદર્શ માતા બી. અમ્મા...વગેરે, વગેરે

સ્ત્રીઓના વિવિધ પ્રશ્નો : ૧-૮

સં. : લેડી વિદ્યાગૌરી નીલકંઠ તથા પ્રભુદાસ પટવારી હિંદીસ્ત્રીઓની હાલની આર્થિક, સામાજિક અને રાજકીય પરિસ્થિતિ ઉપર વેધક પ્રકાશ પાડતા અને દૃષ્ટિ આપતા, જુદા જુદા સાત નિબંધોનું ખાસ સ્ત્રી-ઉપયોગી પુસ્તક. સ્ત્રીઓની કેળવણી, લગ્ન, વારસાહક્ક, ગામડાંની સ્ત્રીઓનો પ્રશ્ન, કાર્યક્ષેત્ર, શારીરિક સંપત્તિ, ગૃહઉદ્યોગ તથા સ્ત્રીઓની ફરજો વગેરે વિષયો ચર્ચાયેલા છે.

પાન ૨૬૪ ★ ટપાલખર્ચ ૦-૪-૦

કલ્યાણમયી : [બીજી આવૃત્તિ] : ૧-૦

લે૦ હુંગરશી ધરમશી સંપટ

ગુણસંપન્ન ભાવનાશાળી ચરિત્ર દ્વારા ઉપદેશ આપવાની આ પુસ્તકની ભૂમિકા છે. પુસ્તકની છેવટે સ્ત્રીઓના રોગો અને તેના ઇલાજો પણ આપ્યા છે.

પાન ૨૨૪ ★ ટપાલખર્ચ ૦ ૩-૦

દયાળુ માતા અને સદ્ગુણી પુત્રી : : ૦-૮

બાલિકાઓ માટે આ પુસ્તક ખાસ તૈયાર કરવામાં આવ્યું છે : એમાંથી કન્યાઓને સેવાના સંસ્કારોની પ્રેરણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળે તેમ છે: એમાં સ્ત્રી-ઉપયોગી ચાર ટૂંકી વાર્તાઓ, જીવનચરિત્ર અને કવિતાઓ અપાઈ છે.

પાન ૧૬૦ ★ ટપાલખર્ચ ૦-૨-૦

સામાજિક ટૂંકી વાર્તાઓ : ચારે ભાગના રૂ. **૧૦-૦**

સંપાદક : **ભિક્ષુ અખંડાનંદ**

દરેક ભાગમાં જુદી જુદી ટૂંકી વાર્તાઓના સંગ્રહ છે.

ગ્રંથ ૧ લો :	**ગ્રંથ ૨ જો :**	**ગ્રંથ ૫ મો :**	**ગ્રંથ ૬ ઠ્ઠો**
૬૬ વાતો	૫૭ વાતો	૫૬ વાતો	૮૬ વાતો
૫૮૮ પાન	૫૭૬ પાન	૪૦૮ પાન	૭૨૦ પાન
૫×૯"કદ	૫×૯"કદ	૫×૯"કદ	૫×૭॥" કદ
રૂ. ૨-૮-૦	રૂ. ૨-૮-૦	રૂ. ૨-૮-૦	રૂ. ૨-૮-૦
ટ. ખ. ૦-૬-૦	ટ. ખ. ૦-૬-૦	ટ. ખ. ૦-૪-૦	ટ. ખ. ૦-૬ ૦

આ વાર્તાઓ શૃંગારિક વર્ણનોવાળી નથી; પરંતુ સમગ્ર કુટુંબ સાથે બેસીને વાંચી શકે એવા પ્રકારની છે. ઘરમાં, કુટુંબમાં, સગાં-વહાલાંમાં, આડોસી-પાડોસીમાં તથા જ્ઞાતિબંધુઓ વગેરેમાં ચાલતા કલેશ, કુસંપ, ખરાબ રીત-રિવાજ અને બીજી અનેક પ્રકારની દુર્દશાઓનાં આબેહૂબ ચિત્રો તથા પરિણામો તેમ જ બીજા પ્રસંગો અસરકારક રીતે રજૂ કરે છે, જેથી તેમાંથી લેવાનો બોધ આપોઆપ જ વાંચનારના મન ઉપર ઠસી જાય છે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, પોસ્ટ બોક્સ નં. ૫૭, **અમદાવાદ** અને
કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, **મુંબઈ-૨**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સસ્તું સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચું સાહિત્ય"

આમ સાહિત્ય શ્રેણી

જ્ઞાન-ચારિત્ર્ય-વર્ધક અને નિર્દોષ આનંદ મેળવી શકાય તેવું સાહિત્ય જૂજ મૂલ્યે આમ જનતામાં ફેલાવવાના ઉદ્દેશથી આ શ્રેણીમાં નાની પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરવાનું શરૂ કર્યું છે.

આર્યસંસ્કાર ફેલાવનારાં તથા આનંદ સાથે બોધ આપનારાં ૧૦૦ થી ૧૫૦ નાનાં પુસ્તકો આ શ્રેણીમાં પ્રસિદ્ધ થશે. તવંગર મોટી લાયબ્રેરી બનાવે, તો મજૂરવર્ગ અને ગરીબ પણ જિજ્ઞાસુવર્ગ પોતાની ગુંજાશ પ્રમાણે પોતાને માટે તેમ જ પોતાનાં બાળકો તથા સ્ત્રીવર્ગમાં સંસ્કાર રેડવા સારુ ઉચ્ચ વાચન પૂરી પાડતી આ પુસ્તિકાઓની નાનીશી લાયબ્રેરી વસાવી શકે એ આશય છે. હાલમાં નીચેનાં પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે:-

ગીતાસંકલન-સં૦ રમણ મહર્ષિ : ભગવદ્ગીતામાંના ૪૦ શ્લોકો મહાત્માજી અને મશરૂવાળા જેવા તત્ત્વચિંતકોએ લખેલા અનુવાદ સાથે ૦-૩

જ્ઞાન અને કર્મ-લેખક : સ્વામી અદ્વૈતાનંદ ૦-૩

આર્ય, બુદ્ધ અને જૈન ધર્મના મૂળ સિદ્ધાંતોનો સમન્વય } લે : પં. બેચરદાસ દોશી ૦-૩

સમ્રાટ શ્રેણિક અને દેવી નંદા-જૈન સંસ્કૃતિની બે નાટિકાઓ ૦-૩

શ્રી રામકૃષ્ણનાઉપદેશો-ટૂંકા ને સચોટ ઉપદેશો ... ૦-૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉચ્ચ જીવન-લેખક: ડૉ. હરિપ્રસાદ બ્ર૦ દેસાઈ ... ૦-૩

મનને-(કાવ્ય)સંપાદક: હેમંતકુમાર નીલકંઠ ૦-૩

ધ્યાન અને જ્ઞાન-લેખક: સ્વામી માધવતીર્થ ... ૦-૩

કણ્ઠાભરણમ્-પ્રાર્થના-મંત્રો ને શ્લોકો(અર્થ સાથે) ... ૦-૩

જ્ઞાનનાં ઝરણાં-૨ જી આવૃત્તિ: લે૦ સ્વામી માધવતીર્થ ૦-૩

ઉત્તરગીતા-અર્જુનને ઉત્તરાવસ્થામાં શ્રી કૃષ્ણે આપેલા તત્ત્વબોધનો સરળ અનુવાદ: મૂળ શ્લોક સાથે ... ૦-૬

સતી સાવિત્રી-સત્યવાન અને સાવિત્રીની રોચક કથા ૦-૩

ભગવાન બુદ્ધ-(સચિત્ર)-લે૦ પુરાતન બુચ ૦-૩

શ્રીમત્ શંકરાચાર્ય-(સચિત્ર)-લે૦ પુરાતન બુચ ... ૦-૩

સંત કબીર-બોધદાયક ચરિત્ર: લે૦ પુરાતન બુચ ... ૦-૩

શ્રી તૈલંગસ્વામી, વિશુદ્ધાનંદ, પૌહારીબાબા-આ ત્રણ મહાપુરુષોનાં ચરિત્રો ૦-૪

ભક્તરાજ હનુમાન-સંક્ષિપ્ત જીવનચરિત્ર ૦-૬

રામકૃષ્ણ વાર્તાલાપ-બોધક પ્રસંગો-ઉપદેશો ... ૦-૬

બાળકોના વિવેકાનંદ-બાળોપયોગી ટૂંકું ચરિત્ર... ૦-૪

અણોજો અને નવું રેલવે સ્ટેશન } ચુનીલાલ વ૦ શાહ ૦-૪

નારદનાં ભક્તિસૂત્રો-મૂળ શ્લોકો અર્થ તથા વિવેચન સાથે ૦-૩

જીવનનો મર્મ-લે૦ 'સોપાન' ૦-૬

નવજવાન-લે૦ ,, ... ૦-૪

અહિંસાનું રહસ્ય-લે૦ ,, ... ૦-૪

એ વૃદ્ધ પુરુષ!-લે૦ ,, ... ૦-૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશાને અજવાળે–લે૦ 'સોપાન' ૦–૪
શ્રીમંતોનો સડો–લેખક : ઈશ્વર ઘોળકિયા ૦–૪
કાળમુખી ને બીજી વાતો–લે૦ ચુનીલાલ મડિયા ... ૦–૩
ઘાવણની ધાર–ને બીજી વાતો „ „ ... ૦–૩
કેરીની મોસમ–લે૦ 'શયદા' : ૭ રસભરી વાર્તાઓ ૦–૫
શ્રીમદ્ ભગવદ્ ગીતા–૧૨મો તથા ૧૫મો અધ્યાય ... ૦–૩
બાળસદ્બોધ–વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ ૦–૪
જયભારતી–(કાવ્ય) શ્રી. 'શયદા' :
ભારતની ચડતી–પડતીનું દિગ્દર્શન ... ૦–૬
મેનાવતી ને ગોપીચંદ તથા ભર્તૃહરિ ને વિક્રમ–
લે૦ 'કલાપી' : બે સંવાદો (આવૃત્તિ બીજી) ... ૦–૩
જેસલ અને તોરલ તથા ગોપીચંદ ને જાલંધર–
લે૦ 'કલાપી' : બે સંવાદો (આવૃત્તિ બીજી) ... ૦–૩
વિભુની વાટે ને રામાયણની રત્નપ્રભા–ઉપદેશયુક્ત
સંવાદ–આધુનિક અને રામાયણયુગની તુલના સાથે ૦–૪

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, પોસ્ટ બોક્સ નં. ૫૦ અમદાવાદ અને
કાલબાદેવી રોડ, હાથી બિલ્ડિંગ, ત્રીજે માળે–મુંબઈ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાભારત–સંપૂર્ણ

આ મહાગ્રંથને વાંચવા–સમજવાની સાચી દૃષ્ટિ આપતા
૩૦૦ પાન જેટલા વિદ્વાનોના લેખો સાથેની નવી આવૃત્તિ

૭ દળદાર ગ્રંથોમાં : મૂલ્ય રૂ. ૪૫)

કદ ૭॥"×૧૦" : પાન ૫૨૦૮ : ચિત્રો ૨૭

આર્યોના ઇતિહાસ, પુરાણ, ધર્મશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનના ગ્રંથોમાં જે કંઈ છે, તે બધું આમાં છે; અને આમાં જે કંઈ નથી, તે બીજે ક્યાંય પણ મળવા સંભવ નથી.

મહાત્મા ગાંધીજી કહે છે, કે:—

"મહાભારતને અમૂલ્ય રત્નોની એકાદ અખૂટ ખાણ સાથે જ સરખાવી શકાય; એ ખાણને જેમ જેમ વધુ ઊંડી ખોદીએ છીએ, તેમ તેમ તેમાંથી વધારે કિંમતી જવાહિરો નીકળે છે."

જેમને પોતાના કુટુંબીજનોના અને સંતતિના સંસ્કારોની કાંઈ પણ કિંમત હોય, તેમણે આ સંસ્કારની કામધેનુ જેવા ગ્રંથને વસાવી લેવો જોઈએ.

સ્ત્રીઓ અને ભણેલાં બાળકો પણ વાંચી શકે એવા મોટા અક્ષરોમાં આ સાતે ગ્રંથો છપાયેલા છે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, પોસ્ટ બોકસ નં. ૫૦, અમદાવાદ અને
કાલબાદેવી રોડ, હાથી બિલ્ડિંગ, ત્રીજે માળે, મુંબઈ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

← ટાઈટલ પાન બીજાનું ચાલુ

૯. ગામડું બોલે છે : (સચિત્ર) લે૦ : ચુનીલાલ મડિયા
★ હિંદના નમૂનારૂપ એક ગામડાનું સાચું જીવન

૧૦. ગૃહજીવનનાં દર્શનો : (સચિત્ર) લેખિકા : કુમુદ શેઠ
★ આપણાં ગૃહ–કુટુંબનાં સાચાં શબ્દચિત્રો

૧૧. મારો ભારત દેશ : (સચિત્ર) લે૦ : કાંતિલાલ પરીખ
★ ભારતવર્ષનાં સૌંદર્ય અને વૈવિધ્યનો પરિચય

૧૨. આરોગ્યસાધના : લે૦ : ડુંગરશી ધ૦ સંપટ
★ આરોગ્યના સંરક્ષણ અંગે માર્ગદર્શન

૧૩. ભગવાનનાં છોરૂ : (સચિત્ર) લે૦ : પુરાતન બુચ
★ હરિજનોના જીવનપ્રસંગોનો હૂબહૂ ચિતાર

હવે પછી નીચેનાં પાંચ પ્રસિદ્ધ થશે

બાકીનાં પાંચ પુસ્તકો તૈયાર થયે તેનાં નામ અને લેખક વિષે ચોક્કસ જાહેરાત કરવામાં આવશે. એ પુસ્તકોમાં નીચેના વિષયોનો સમાવેશ થશે.

૧૪. રવીન્દ્ર–જીવન :
★ કવિવર રવીન્દ્રનાથ ટાગોરના જીવનનો પરિચય

૧૫. ગુજરાતના સેવકો :
★ ગુજરાતના મૂક સેવકોનો જીવનપરિચય

૧૬. માતૃત્વ :
★ બાળકોછરને લગતા પ્રશ્નો અને ઉત્તરો

૧૭. જાગ્રત નારી :
★ નારીજીવનને પ્રેરણા આપતા લેખો ને જીવનચરિત્રો

૧૮. સાહસ કથાઓ :
★ લોકકલ્યાણ અર્થે સાહસ કરનારા વીરોની કથાઓ

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય { અમદાવાદ ને મુંબઈ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar